## પાલનપુર સિવિલ હોસ્પિટલના હડતાળિયા

# આઠ કામદારોએ ફિનાઈલ ગટગટાવતા ચકચાર

### અસરગ્રસ્તોને સારવાર અર્થે દાખલ કરાયા : સફાઇનો કોન્ટ્રાકટ રદ કરવા માટે તંત્રને આવેદન અપાયું : કોન્ટ્રાક્ટર સામે ફરિયાદ





પાલનપુર,

બનાસડેરીના ગલબાભાઈ નાનજીભાઈ ટ્રસ્ટ સંચાલિત પાલનપુર સિવિલ હોસ્પિટલના ૮૦ જેટલા કામદારોની હડતાળ ચોથા દિવસમાં પ્રવેશી હતી. ત્યારે કોઈ નિરાકરણ ન આવતા આઠ સફાઈ કર્મચારીઓએ ફિનાઈલ ગટગટાવી લેતાં ભારે અફરા- તરફી મચી જવા પામી હતી. જેઓને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. દરમિયાન, કોન્ટ્રાકટર સામે ફરિયાદ દાખલ થઈ હોવાના અહેવાલ સાંપડ્યા છે. ત્યારે ખાનગી ટ્રસ્ટ સંચાલિત પાલનપુર સિવિલ હોસ્પિટલના મેનેજમેન્ટે પણ હાથ ઊંચા કરી દેતા મામલો પેચીદો બન્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં મેડીકલ કોલેજ મંજુર થયા બાદ કરોડો રૂપિયાની મિલ્કત ધરાવતી પાલનપુર સિવિલ હોસ્પિટલનો વહિવટ બનાસડેરીના ગલબાભાઈ ટ્રસ્ટને સોંપવામાં આવ્યો છે.જ્યાં સફાઈ સહિતની કામગીરી કોન્ટ્રાકટ પધ્ધતિથી આપવામાં આવ્યો છે. દરમિયાન સફાઈના કોન્ટ્રાકટર દ્વારા સફાઈ કર્મચારીઓને આડેધડ છુટા કરવા તેમજ તેમના પગારમાં કાપ મુકવાના આક્ષેપો સાથે સફાઈ કર્મચારીઓએ હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે. કામદારો એ ન્યાય મળે તે માટે જિલ્લા કલેકટરને આવેદનપત્ર પણ આપ્યું છે. પરંતુ પ્રશ્નનો કોઈ ઉકેલ આવ્યો નથી. આવી સ્થિતિમાં ન્યાય મેળવવા માટે હડતાળ ઉપર બેઠેલા સફાઈ કર્મચારીઓ પૈકી આઠ સફાઈ કર્મીઓએ ફિનાઈલ ગટગટાવતાં ભારે અફરા- તફરી મચી જવા પામી હતી. જેની જાણ થતાં સહ કર્મચારીઓ તેમજ અસરગ્રસ્ત સફાઈકર્મીઓના પરિવારજનો સિવિલ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા. અને તમામને સિવિલ હોસ્પિટલમાં જ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

દરમિયાન, મોડી સાંજે પીડિતો દ્વારા કોન્ટ્રાક્ટર સામે એટ્રોસિટી એક્ટ મુજબ ફરિયાદ નોંધાઈ હતી. જોકે, સમગ્ર મામલો કોન્ટ્રાક્ટર અને હડતાલિયા કામદારો વચ્ચેનો હોઈ અમારી કોઈ ભૂમિકા ન હોઈ સિવિલ મેનેજમેન્ટે હાથ ઊંચા કરી દેતા હડતાળ સમેટાય એવા કોઈ એંધાણ નથી. ત્યારે સફાઈ સહિતની કામગીરી ઠપ્પ થઈ જતા હડતાળ વચ્ચે દર્દીઓ પીસાઈ રહ્યા છે.

### કોન્ટ્રાકટરના ત્રાસથી કામદારોએ ફિનાઈલ પીધુ હોવાનો આક્ષેપ

સફાઈ કર્મચારીઓએ જિલ્લા કલેકટરને શુક્રવારે એક આવેદનપત્ર આપ્યું હતુ. જેમાં આક્ષેપો કરતાં જણાવાયું છે કે, જ્યારથી પાલનપુર સિવિલ હોસ્પિટલનું ખાનગીકરણ થયું છે. ત્યારથી સફાઈના કોન્ટ્રાકટર નિલેશભાઈ ચૌધરી દ્વારા સફાઈ કામદારોને પગારમાં શોષણ કરવામાં આવી રહ્યું છે. સફાઈ કર્મીઓને જાતિ વિષયક અપમાન, મહિલા સફાઈ કર્મીઓની છેડતી કરવામાં આવી રહી છે. જેમના ત્રાસથી સફાઈ કર્મચારીઓ હડતાલ ઉપર ઉતર્યા છે. તે બાદ પણ કોન્ટ્રાકટર દ્વારા મારી નાંખવાની ધમકીઓ આપવામાં આવી રહી છે. તેમના ત્રાસથી સફાઈ કામદારોએ ઝેર પીધુ છે. ત્યારે નિલેશભાઈ ચૌધરીને આપેલો સફાઈનો કોન્ટ્રાકટર તાત્કાલિક રદ કરવામાં આવે તેવી માંગ છે. જો આમ નહી થાય તો બધા સફાઈ કામદારો આવનારા સમયમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે. જેની તમામ જવાબદારી તંત્રની રહેશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.



## ધાનેરા માં ગૌરીવ્રત ઉત્સાહભેર ઉજવણી કરાઈ

ધાનેરા સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લા માં ગૌરીવ્રત ની ઉજવણી કરવામાં આવી છે ત્યારે કુંવારી બાળાઓ ધ્વરા આ વ્રત કરી આજે વ્રત ની પુર્ણાહુતી કરી હતી જયા પાર્વતીવ્રતને ગૌરીવ્રત પણ કહેવાય છે.આ વ્રત બે ભાગોમાં થાય છે. ૫ વર્ષથી લઈને ૧ ૨ વર્ષની કન્યાઓ આ વ્રત કરે છે તેને ગોરમાંનુ વ્રત કહેવાય છે. ગોરમાંના વ્રતમાં વ્રત શરૂ કરતા પહેલા માટીના વાસણ માટી ભરીને જુવાર-ઘંઉ-મગના જુવારા ઉગાડવામાં આવે છે. જુવારા ઊગી જાય ત્યારબાદ પાંચ દિવસ સુધી નિત્ય કાંઠાગોરનું પૂજન કરવું, જુવારાનું પૂજન કરવું, રૂ નો હાર બનાવવો, જેને નાગલા કહેવાય છે. જુવારાને આ હાર નિત્ય અર્પણ કરવો.બીજા ભાગમાં આવે છે જયા પાર્વતી વ્રત. આ વ્રત ખાસ કરીને ૧૪ વર્ષથી ઉપરની કન્યાઓ અને વિવાહીત મહિલાઓ કરે છે. જયા પાર્વતી વ્રતમાં પૂજાની સામગ્રી મંદિરમાં લઈ જઈને રોજ સવારે સ્નાન વગેરે કરીને મહાદેવ અને પાર્વતીની પૂજા કરવામાં આવે છે. આ વ્રત કરવાથી, વિવાહીત મહિલાઓ અખંડ સૌભાગ્ય પ્રાપ્ત કરે છે. અને કુંવારી કન્યાઓ સારો પતિ પ્રાપ્ત થાય છે.ત્યારે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં આવેલા મામાબાપજી નામંદિરે આજે લોકો ધ્વરા આ વ્રત ની પુર્ણાહુતી કરવા માટે આવ્યા હતા.

## અરવલ્લી જીલ્લા પોલીસતંત્રની ત્રણ ટીમ ૧.૨૦ કરોડ ચરસ પ્રકરણમાં આરોપીઓને પકડવા મુંબઈ પહોંચી

મોડાસા, તા. ૨૦

શામળાજી પોલીસ અને એસઓજી પોલીસે અણસોલ ગામની સીમમાંથી કાશ્મીરથી વાયા રાજસ્થાન થઈ ગુજરાતમાં એસએક્સ-૪ કારમાં ગુપ્ત ખાના બનાવી અધધ સંતાડીને લવાતો ૨૪.૧૯૦ કી.ગ્રામ નો ૧.૨૦ કરોડ રૂપિયાનો કાશ્મીરી ચરસનો જથ્થો ઝડપી પાડી ૨ કેરિયર શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે બંને આરોપીઓને કોર્ટમાં રજુ કરી ૭ દિવસના રિમાન્ડ મેળવી સઘન પૂછપરછ હાથ ધરી છે.

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર દ્વારા ચરસનો કાળો કારોબજાર ચલાવનાર ગેંગનો પર્દાફાશ કરવા અને ચરસ મંગાવનારને ઝડપી પાડવા અરવલ્લી જીલ્લા એલસીબી પી.આઈ. રબારીની રાહબરી હેઠળ જીલ્લાના બે પીએસઆઈ સાથે મળી ત્રણ ટીમો બનાવી મુખ્ય આરોપી તરીકે પકડાયેલ અને કેરિયરની ભૂમિકા ભજવતો ગોપાલચંદ્ર સુરતરામ કોલી સાથે મુંબઈમાં ત્રણ દિવસ સુધી ધામા નાખી ચરસ મંગાવનાર શખ્સને ઝડપી પાડવા વિવિધ વિસ્તારોમાં તપાસ હાથ ધરી હતી. ચરસનો જથ્થો મંગાવનાર શખ્સ અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર કરતા વધુ ચબરાક નીકળ્યો હતો. પોલીસની ઝાળમાં થાપ ખાવાના બદલે પોલીસને થાપ આપવામાં સફળ રહેતા અરવલ્લી જીલ્લા એલસીબી પી.આઈ રબારી અને પોલીસની બે ટીમ વીલા મોઢે પરત ફરી હતી અને આરોપીની ડેલીએ હાથ દઈ પરત ફર્યા હોવાનો ઘાટ સર્જાયો હોવાની માહિતી પોલીસસુત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી.

શામળાજી પોલીસ અને એસઓજી પોલીસે અણસોલ ગામની સીમમાંથી એસએક્સ-૪ કારમાં ગુપ્ત ખાના બનાવી અધધ સંતાડીને લવાતો ૨૪.૧૯૦ કી.ગ્રામનો ૧.૨૦ કરોડ રૂપિયાનો કાશ્મીરી ચરસનો જથ્થો ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આરોપીઓને ઝડપી પાડવા જીલ્લા પોલીસવડા મયુર પાટીલે જીલ્લા એસઓજી ટીમને તપાસ સોંપી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શામળાજી પોલીસ અને જીલ્લા એસઓજી પોલીસ ૧.૨૦ કરોડના જથ્થા સાથે ઝડપાયેલા બંને આરોપીઓ અને ચરસના જથ્થા અંગે કોઈ પણ પ્રકારની માહિતી કે ફોટો લીક ન થાય તેની તકેદારી રાખી રહી છે અને તપાસ ચાલુ હોવાનું રટણ કરી રહી છે.

## દઢવાવ પ્રાથમીક શાળા-૧ માં જન્મ દિનની ઉજવણી કરાઈ



ભિલોડા,તા.૨૦

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના દઢવાવ ગામની દઢવાવ પ્રાથમીક શાળા નંબર.૧માં જન્મ દિનની ઉજવણીનો અનેરો કાર્યક્રમ દબદબાભેર રીતે ઉત્સાહભેર ઉજવાયો હતો. દઢવાવ પ્રાથમીક શાળા નંબર.૧ના વિદ્યાર્થીઓ, વાલીઓ અને ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી. અરવિંદભાઈ પટેલની હોશિયાર પુત્રી મનાલિબેન પટેલ હાલના તબક્કે એમ.બી.એ.ની ડિગ્રી મેળવવા વધુ અભ્યાસ અર્થે કેનેડા ખાતે અભ્યાસ કરી રહ્યા છે.

માદરે વતનમાં રજાઓના સમયગાળા દરમ્યાન જન્મ દિવસની ઉજવણી કરવાની ઈચ્છા ધરાવતા હોઈ જન્મ દિવસ ઉજવવા દઢવાવ પ્રાથમીક શાળા નંબર.૧ના વિદ્યાર્થીઓ સાથે ઉજવવાનો સંકલ્પ કર્યો હતો. દઢવાવ પ્રાથમીક શાળા નંબર.૧માં આજે જન્મ દિવસની ઉજવણીનો કાર્યક્રમ ધામધુમ પુર્વક ઉજવ્યો હતો.

દઢવાવ પ્રાથમીક શાળા નંબર.૧ના આચાર્ય કાંતીલાલ પટેલ, પાલ ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ ગણપતભાઈ ડામોર, વિજયનગર તાલુકા પંચાયત પુર્વ પ્રમુખ અરવિંદભાઈ પટેલ, લલીતભાઈ ડામોર, જયેશભાઈ પટેલ, સ્ટાફ પરીવાર અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. દઢવાવ પ્રાથમીક શાળા નંબર.૧ના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા સારૂ શૈક્ષણિક ચીજવસ્તુઓનું દાન આપી નાસ્તો કરાવતા વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર પ્રસરી હતી.

## ડીસામાં ઘરમાં ઘુસી યુવક પર જીવલેણ હુમલો




ડીસા, તા. ૨૦

બનાસકાંઠાના ડીસા શહેરમાં એક યુવક ઉપર જીવલેણ હુમલો કરાતાં ચકચાર મચી છે. ડીસા શહેરમાં રાજીવ આવાસ યોજનાના મકાનમાં રહેતાં કિશનભાઈ કુશાલભાઈ નાઈ પોતાના ઘેર સુતા હતા ત્યારે અચાનક સાત શખ્સોએ દરવાજો ખખડાવતા કિશનભાઈએ દરવાજો ખોલ્યો હતો. જોકે દરવાજો ખોલતા જ ઘરમાં ઘુસી ગયેલા શખ્સોએ તલવાર અને ઘોકા વડે જીવલરણ હુમલો કરી દઈ કિશનભાઈ નાઈને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ હુમલા વખતે વચ્ચે પડેલા કિશનભાઈના પિતા કુશાલભાઈને પણ ઘોકો મારી ઈજાઓ કરાઈ હતી. આ હુમલો અંગત અદાવતમાં કરાયો હોવાનું અનુમાન સાથે સાત હુમલાખોરો પૈકી ચાર શખ્સોને પોતે ઓળખતો હોવાનો દાવો કરી આ મામલે ડીસા ઉતર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ઈજાગ્રસ્ત યુવક હાલ ડીસા સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હોવાનું જાણવા મળ્યું છે.

## પ્રાંતિજ સબજેલ પાસે દબાણ હટાવાયું




પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સબજેલ પાસે કરવામાં આવેલ દબાણ ઉપર તંત્ર દ્વારા જેસીબી ફેરવી દેવામાં આવ્યું હતુ. અન્ય દબાણ કર્તાઓમા ફફડાટ જોવા મળ્યો છે.

પ્રાંતિજ નાની ભાગોળ ખાતે આવેલ સબજેલ પાસે વર્ષોથી થયેલ દબાણ આજે પ્રાંતિજ મામલતદાર આર.કે. પટ્ટણી તથા પ્રાંતિજ નગરપાલિકા ચીફ ઓફિસર વિશાલ પટેલ દ્વારા દબાણ દુર કરવામાં આવ્યું હતું અને દબાણ ઉપર જેસીબી મશીન ફેરવી દેવામાં આવ્યુ હતું. અન્ય દબાણ કર્તાઓમા પણ દબાણને લઈને ફફડાટ વ્યાપ્યો છે તો હાલ તો માત્ર સબજેલ અદ્યતન બનાવવામાં આવતા તેની આગળ થયેલ દબાણ માત્ર હટાવવામા આવ્યું છે. ત્યારે હજુ પણ પ્રાંતિજ બજાર વિસ્તાર સહિત વિસ્તારોમાં મોટામસ દબાણો થયેલા છે તે દબાણો ક્યારે હટશે એ તો હવે જોવું રહ્યું, હાલ તો માત્ર સબ જેલ આગળ પાલિકાની જગ્યામાં થયેલ દબાણ દુર કરવામાં આવ્યું છે.

## માલપુર-ગાજણ ટોલપ્લાઝા પર બુથ કર્મચારીઓ હડતાલ પર ઉતરતા વાહનોની લાંબી કતારો





શામળાજી-ગોધરા રાજ્યધોરી માર્ગ-૨૭ પર માલપુરના ગાજણ ગામ નજીક આવેલા ટોલ બુથ પર ફરજ બજાવતા કર્મચારીઓ પગાર વધારવાની માંગ સાથે ટોલપ્લાઝાના મેનેજરની ભેદભાવભરી નીતિ સામે વિરોધ નોંધાવવા વીજળીક વેગે સામુહિક હડતાલ પર ઉતરી જતા ટોલબુથ પર હોબાળો મચાવતા સતત વાહનોથી ધમધમતા ટોલપ્લાઝા પર વાહનોની લાંબી કતારો લાગી હતી અને ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. ટોલપ્લાઝા કર્મચારીઓની હડતાળના પગલે વાહનચાલકોએ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ટોલબૂથના કર્મચારીઓની હડતાલ અને કચેરીએ હોબાળો મચાવતા મુખ્ય અધિકારી તાબડતોડ ગાજણ ટોલપ્લાઝા પહોંચ્યા હતા અને કર્મચારીઓ સાથે વાટાઘાટો કરી મામલો થાળે પાડતા કર્મચારીઓએ હડતાલ સમેટી લેતા વાહન પૂર્વરત થયો હતો.

## ખેડબ્રહ્મા તાલુકામાં વરસાદ ખેંચાતા શિવલિંગને પાણીમાં ડુબાડ્યું



ખેડબ્રહ્મા તાલુકા માં વરસાદ ખેંચાતાં ગુંદેલ ગામે આવેલ શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિરે વરુણદેવ ને રીઝવવા માટે શિવલિંગ ને ગામની બહેનો દ્વારા પાણી માં ડૂબાડવામાં આવ્યું હતું અને વરસાદ વરસે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.